विश्व संवाद केन्द्र

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com    Website : www.vskgujarat.com

વર્ષ : ૪    અંક : ૭૭    દિનાંક : ૧.૬.૨૦૧૮    સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## ભારતીયમૂળના અવકાશયાત્રી કલ્પના ચાવલાને અમેરિકન હિરોના હુલામણા નામથી સન્માનિત કરતા રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રંપ

અમેરિકાએ પ્રતિવર્ષ મે મહિનાને 'એશિયન અમેરિકન અને પેસેફિક મહાદ્વિપનો સાંસ્કૃતિ-વારસાના મહિના' તરીકે ઉજવવાનું નક્કી કર્યું. તેના અનુસંધાને આ વર્ષે અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉલાન્ડ ટ્રંપે ભારતીયમૂળના અવકાશયાત્રી કલ્પના ચાવલાને અમેરિકન હિરોના હુલામણા નામથી સન્માન આપ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે અવકાશયાત્રી સ્વ. કલ્પનાએ વિશ્વની મહિલાશક્તિને સાહસ અને હિંમતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અમેરિકા માટે આ મહિલા અવકાશયાત્રી હિરો છે તથા મહિલાઓ માટે રૉલ મૉડલ છે. અત્રે યાદ રહે કે ૨૦૦૩માં જે અવકાશયાનનાં સાત અવકાશયાત્રી સાથીઓ સાથે ૪૦ વર્ષની ઉંમરના કલ્પના ચાવલા પૃથ્વી પર પાછા ફરી રહ્યા હતા ત્યારે આ સ્પેશ શટલ કોલમ્બિયા દુર્ઘટનાગ્રસ્ત થયું હતું અને બધા જ અવકાશયાત્રીઓ મૃત્યુને ભેટ્યા હતા.

## સમાચાર ભારતી સાંસ્કૃતિક સંગઠને 'નારદ જયંતિ' નિમિત્તે વરિષ્ઠ પત્રકારોનું સન્માન કર્યું

સમાચાર ભારતીય દેશમાં પત્રકારો તથા પ્રચાર-પ્રસાર માધ્યમોની મદદથી દેશ-વિદેશમાં તટસ્થ, ન્યાયી તથા હકારાત્મક સંદેશાઓ સમાજમાં પહોંચાડે છે. પ્રતિવર્ષ આ સંગઠન દેશના જાણિતા કર્મઠ તથા નિષ્ઠાવાન પત્રકારોનું સન્માન 'નારદ જયંતિ'ની ઉજવણીના નેજા હેઠળ કરે છે. ઓસમાનીયા યુનિવર્સિટી હૈદ્રાબાદ ખાતે આ સન્માન સમારંભ યોજાયો હતો. તેમાં અસ્તાકાલા રમ્મોહન રાવ, ઉષા થુરુગારેવલ્લી, ગોવિંદ રાજુ પેન્ડમ તથા દેવિકા રાનીનું સન્માન થયું હતું. આ પ્રસંગે રિલાયન્સ ગ્રુપ ઇન્ડસ્ટ્રિજના મિડીયા ડાયરેક્ટર ડૉ. ઉમેશ ઉપાધ્યાયે સર્વેને સંબોધ્યા હતા. તેમણે તેમના સંબોધનમાં જણાવ્યું કે એક સર્જન ડૉક્ટર દર્દીના શરીરમાંથી બગડેલો ભાગ-રોગગ્રસ્ત અવયવ સર્જરીથી કાપીને બહાર કાઢી વ્યક્તિને નિરોગી બનાવે છે, તેવી જ રીતે મિડીયા-પત્રકારો તથા માધ્યમોની મદદથી સમાજના દૂષણોને લોકો સમક્ષ રજૂ કરી તેમને દૂર કરવાનું કાર્ય સૌએ કરવાનું છે. દેશના વિકાસમાં સમાજની તંદુરસ્તી મહત્વની છે. ડૉ. ઉપાધ્યાયે 'The future of Media' વિષય પર સંબોધન કરતા જણાવ્યું કે પત્રકારોએ પૂર્વગ્રહ રહિત તથા તટસ્થતાથી સાચી હકીકતો સમાજમાં નારદમૂનિની જેમ ખૂબ જ સહજ સરળતાથી તથા જરૂર પડે કૌતુક કરીને પણ પહોંચાડવાની છે.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - સેવા ભારતી દ્વારા દેશ ભરમાં એક લાખ ચોપન હજાર સેવા કાર્યો

સેવા ભારતીના ભારતીય સંગઠન મંત્રી રાકેશ જૈને જણાવ્યું છે કે 'સેવા ગાથા ડૉટ ઓઆરજી' વેબસાઈટમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા દેશ ભરમાં એક લાખ ચોપન હજાર સેવાકાર્યોની માહિતી સામાન્ય પ્રજા જાણી શકશે. તેમણે વધુમાં જણાવ્યું કે આધુનિક સમયમાં સેવાકાર્યના પ્રચારની ખૂબ આવશ્યકતા છે. તેમણે વિશેષમાં જણાવ્યું કે સેવા ભારતીનો મુખ્ય ઉદ્દેશ ધર્મ, સંપ્રદાય, વર્ગ, ભાષા

કે પ્રાંતના ભેદભાવ વિના સર્વજન હિતાય સર્વજન સુખાયની ભાવનાથી સેવાકાર્ય કરવું જોઈએ. મહર્ષિ દયાનંદ વિશ્વવિદ્યાલયના હૉટેલ મેનેજમેન્ટ વિભાગના હોલમાંથી આરએસએસના સ્વયંસેવકોને 'રેડી ફોર સેલ્ફ લેસ સર્વિસ' કરવાવાળા વર્ણવ્યા હતા. તેમણે યુવાનો માટે 'યુવા એન્ડ સેવા ડૉટ કોમ' વેબસાઈડનો પણ પ્રારંભ કર્યો હતો.

## દેહણુના આસવે (Aasave) ગામમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયું

મહારાષ્ટ્રના વનવાસી ક્ષેત્રના દુર્ગમ વિસ્તારમાં ૬૦,૦૦૦થી વધુ વનવાસી બંધુઓનું વિરાટ હિન્દુ સંમેલન દેહણુ નજીકના ગામમાં યોજાયું હતું. આ સંમેલનમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક ડૉ. મોહન ભાગવત ઉપસ્થિત હતા. તેમણે વનવાસી ક્ષેત્રના વનવાસીઓ આપણા બંધુઓ છે તેમ જણાવી અન્ય સમાજના બંધુઓએ તેમના બાળકો તથા પરિવારને જોડવાની શીખ આપી હતી. વનવાસી જીવનથી શહેરી ક્ષેત્રના પરિવારો તથા બાળકો પરિચિત થાય તે ખૂબ જ જરૂરી છે. વનવાસી ક્ષેત્રોમાં અગાઉ થયેલું ધર્માંતરણ હિન્દુ સમાજ માટે ચિંતાનો વિષય છે. ડૉ. ભાગવતે ૫૦ વર્ષ અગાઉ વિશ્વ હિન્દુ પરિષદ(VHP) દ્વારા શરૂ કરેલ તલસારી પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. આ પ્રસંગ 'વન જન ગાથા' પુસ્તકનું વિમોચન તથા વિતરણ થયું હતું. આ પુસ્તક હિન્દુસ્થાન પ્રકાશન દ્વારા તૈયાર થયું છે. તલસારી પ્રોજેક્ટમાંથી અનેક સ્વયંસેવકો-પ્રચારકોનું ઘડતર થયું છે. તેમણે વનવાસી ક્ષેત્રમાં ધર્માંતરણને અટકાવ્યું છે તથા પુનઃ ઘરવાપસીના કાર્યક્રમો પણ કર્યા છે. ડૉ. ભાગવતે વધુમાં જણાવ્યું કે દેશવાસીબંધુઓએ વનવાસની પ્રગતિમાં રસ લેવો જોઈએ. વનવાસી વિસ્તાર પણ સર્વાંગીણવિકાસ પામે તો ને તો જ દેશના વિકાસની સંભાવના છે.

## મક્કા મસ્જિક બ્લાસ્ટ કેસની સુનાવણીમાં ન્યાયાધીશનો સંઘ સંદર્ભે ન્યાય

બહુ ચર્ચિત મક્કા મસ્જિક બ્લાસ્ટ કેસની સુનાવણી થઈ હતી. તેમાં સ્વામી અસીમાનંદ સહિતના અનેક હિન્દુઓને નિર્દોષ જાહેર કર્યા હતા. આ સુનાવણીમાં વિપક્ષોની દલીલોનો ન્યાયાધીશ કે. રવિશંકર રેડ્ડીએ સાંભળીને સ્પષ્ટ ન્યાય આપ્યો હતો. શ્રી રેડ્ડીએ જણાવ્યું કે 'આરએસએસ સાથે જોડાવાથી એવો અર્થ નથી નિકળતો કે વ્યક્તિ સાંપ્રદાયિક કે એન્ટી સોશિયાલીસ્ટ છે.' તેમણે વધુમાં જણાવ્યું કે 'આરએસએસ કોઈ ગેરકાનૂની રૂપથી કામ કરવાવાળું સંગઠન નથી.' ન્યાયાધીશ શ્રી રેડ્ડીએ તેમના ૧૪૦ પાનાના ચુકાદામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ વિષે સત્ય અને સ્પષ્ટ નિષ્કર્ષ આપ્યો હતો.

## રીક્ષા ચાલક કૃષિ વૈજ્ઞાનિક બન્યો

હરિયાણાના યમુનાનગરના નિવાસી ધર્મવીર કંબોજ દિલ્હીમાં રીક્ષા ચલાવતા હતા. માત્ર મેટ્રીક (એસ.એસ.સી.) પાસ હતા. તેઓ જડી-બૂટીઓની મંડી (બજાર)માં આવનજાવન કરતા હતાં, તથા ખેતીના માલસામાનની હેરાફેરી કરતા હતા. આ બધુ નીહાળી તેમના મનમાં ગામડે જઈ ખેતી કરવાનો ઉમંગ જાગ્યો. તેમણે આધુનિક ખેતી માટે કૃષિયંત્રો બનાવવાનું શરૂ કર્યું. તેમણે એલોવેરાની ખેતી કરી. તેમના દ્વારા 'મલ્ટી પર્પજ ફૂડ પ્રોસેસીંગ' મશીન તૈયાર થયું. આ મશીન વિદેશમાં કેનીયા તથા જિમ્બાવેમાં વેચાવા માંડ્યા. રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલ તથા શરદ પવારના હસ્તે શ્રી ધર્મવીરને કૃષિ વૈજ્ઞાનિકનો એવોર્ડ મળ્યો છે. શ્રી ધર્મવીરે સોલર બેટરીથી ચાલતી ઝાડૂ પણ બનાવી છે કે જે સડક પરથી કચરો પાણીમાં શોષી લે છે. તેમણે જડી-બૂટીઓની ખેતી પણ શરૂ કરી છે. નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન અમદાવાદના ચેરપરસન ડૉ. મશેલકરે પણ તેમને સ્ટેટ ઈનોવેશન એવોર્ડ આપ્યો હતો. આમ એક રીક્ષા ચાલક, મહેનતથી કૃષિ વૈજ્ઞાનિક બન્યો છે. 'મન હોય તો માળવે જવાય' તે કહેવતને સખત પરિશ્રમથી શ્રી ધર્મવીરે સિદ્ધ કરી છે.

## ભારતની આધારકાર્ડ પ્રણાલીને બિરદાવતા માઈક્રોસોફ્ટના ચીફ બીલ ગેટ્સ

વિશ્વના દેશોમાં દેશના નાગરિકોની માહિતી-બાયોડેટાની ગુપ્તતા અંગે ખૂબ જ ગંભીરતાથી ચર્ચા થઈ રહી છે. ડેટા લીક થવાની ભીતિ સેવાતી હોય છે. આ અંગે માઈક્રોસોફ્ટના ચીફ બીલ ગેટ્સને અનેક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે ભારતમાં નાગરિકની માહિતી માટે જે આધારકાર્ડ બનાવ્યું છે તેની કોપી

બનાવવા કે તેની ગુપ્તતા અંગે ખૂબ જ સારી વિશ્વસનીયતા છે. આધારકાર્ડમાં ગુપ્તતા અંગે કોઈ પ્રશ્ન નથી. તેમણે જણાવ્યું કે આધાર કાર્ડ એ બાયો ID વેરીફેક્શન સ્કીમ છે. બીલ ગેટ્સે બીલ એન્ડ મેલીન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને પણ વર્લ્ડબેંકના ફંડ અંગે આધારકાર્ડના અભિગમને માન્ય રાખવાની સૂચના આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે આધારકાર્ડ ટેકનોલોજી દેશના પારદર્શક વહીવટ માટે તથા દેશના વિકાસ માટે નાગરિકોના વ્યક્તિગત યોગદાન માટે ખૂબ જ જરૂરી આધાર છે. ભારતે તેના અર્થતંત્રને મજબૂત બનાવવા આ પ્રણાલીને અપનાવી છે તે ખૂબ જ યોગ્ય અને અસરકારક છે.

## ભારતીય મૂળના અમેરિકન મહિલા દીપા આંબેકર અમેરિકન સિવિલ કોર્ટ ન્યૂયોર્કમાં ન્યાયાધીશ બન્યા.

અમેરિકન ન્યાયતંત્રમાં સિવિલ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે ભારતીય મૂળના અમેરિકન મહિલા દીપા આંબેકર અસ્થાયી ન્યાયાધીશ તરીકે નિમણૂંક પામ્યા છે. આ અગાઉ ચિન્નાઈમાં જન્મેલા રાજરાજેશ્વરી પણ જજ તરીકે ન્યોયોર્ક સીટીની સિવિલ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે નીમણૂંક પામ્યા હતા. આમ ન્યૂયોર્ક શહેરમાં પણ ભારતીય મૂળની મહિલાઓએ ન્યાયપ્રણાલી - કોર્ટમાં ઉચ્ચ સ્થાન મેળવી મહિલાશક્તિને ઉજાગર કરી છે.

## રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે, ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પ્રવક્તા - અતિથિ વિશેષ માટે આમંત્રણ આપ્યું

સામાન્ય પ્રજામાં એવી છાપ જોવા મળે છે કે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે પણ હવે રાજકારણમાં ભાજપના માધ્યમથી પ્રવેશ શરૂ કર્યો છે. બીજા બધા પક્ષો જાણે તેના માટે અછૂત હોય તેવી ભ્રમણા લોકોમાં પ્રવર્તે છે. પણ સંઘનો મૂળ સંદેશ અથવા રાષ્ટ્રભક્તિમાં કોઈ જ પ્રકારના રાજકીય ભેદને સ્થાન નથી એવી વિચારધારાનો ઘણા ઓછો લોકોને ખ્યાલ છે. હાલમાં એક કાર્યક્રમ માટે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને આમંત્રણ આપી સંઘે તેના મૂળ ધ્યેયને ઉજાગર કર્યો છે.

## ધાર્મિક અનુસંધાન પ્રવાસન માટે ભારત અને નેપાળ વચ્ચે બસ સેવાનો પ્રારંભ

ભારતની અયોધ્યાનગરી અને નેપાળની જનકપુરી નગરીને જોડતી સીધી બસ સેવાનો પ્રારંબ સંયુક્તપણે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તથા નેપાળના શ્રી કે. પી. શર્મા ઓલીએ કરાવ્યો છે. શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે અયોધ્યા ભગવાન શ્રી રામની જન્મભૂમિ તથા નેપાળની જનકપુરી માતા સીતાજીની જન્મભૂમિ છે. રામાયણમાં વર્ણવ્યા પ્રમાણે ધાર્મિક રીતે શ્રીરામ અને સીતાના મિલાપની આ બંને દેશોની પુણ્ય ભૂમિઓ બંને દેશવાસીઓ માટે શ્રદ્ધા તથા આશાના તીર્થસ્થાનો છે. બંને દેશના શ્રીરામભક્તો ખૂબ જ સરળતાથી આ યાત્રા કરી શકે તે મહત્વનું છે. તેથી આ બસ સેવા બંને દેશોના પ્રવાસન ઉદ્યોગને બળવત્તર બનાવશે.

બંને દેશોની પવિત્ર ભૂમિમાં હિન્દુઓને વિવિધ ધાર્મિક સ્થળોના દર્શન માટે આ બસ સેવા ઉપયોગી નીવડશે. આ 'રામાયણ સરકીટ'માં ભારત સરકારે દેશના વિવિધ રાજ્યોમાં ૧૫ પર્યટક સ્થળોની માહિતી તથા મહત્વ શોધી કાઢ્યા છે. તે જ પ્રમાણે નેપાળમાં પણ હિન્દુઓને તેમની ધાર્મિક યાત્રા માટે વિવિધ સ્થળોની માહિતી તથા મહત્વ ઉપલબ્ધ છે.

## ઈસરો દ્વારા દરિયાઈ કે હવાઈ યાતાયાત ઉપગ્રહ માટે દેશી પરમાણું ઘડિયાળ

ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ દેશી પરમાણું ઘડિયાળ બનાવી છે. આ ઘડિયાળ નેવીગેશન સેટેલાઈટમાં કાર્યરત થશે જે દેશની દરિયાઈ તથા હવાઈ સીમાઓની સ્થિતિનું અવલોકન કરી માહિતી પહોંચાડશે, જેથી ત્વરિત પ્રતિકાર કરી શકાશે. ભારતીય વૈજ્ઞાનિકોએ આ ઘડિયાળ દેશમાં જ બનાવી છે જેનો આધાર યુરોપીયન એરોસ્પેશ ઉત્પાદક કંપની પાસેથી મેળવ્યો હતો. આ અંગે અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લીકેશન સેન્ટર (SAC)ના ડાયરેક્ટર તપન મિશ્રાએ જણાવ્યું છે વિશ્વમાં આ પ્રણાલીનો ઉપયોગ કરનાર જૂજ દેશો છે. તેમાં ભારતે આ ઘડિયાળ વિકસાવી પરમાણું ઉર્જાનો શ્રેષ્ઠ ઉપયોગ સિદ્ધ કર્યો છે. આ દેશની પરમાણું ઘડિયાળ ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી તેની સેવાઓ આપશે.

## વર્લ્ડ બેંકનો રીપોર્ટ - ભારત સરકારની અનોખી સફળતા : દેશના ૮૫% વિસ્તારને વિજળી-વિદ્યુતથી જોડયો.

ભારતની વર્તમાન સરકારે બહુ જ ટૂંકાગાળામાં દેશની વસતીના 85% વિસ્તારમાં વિજળી પહોંચાડી છે. વર્લ્ડ બેંકના રીપોર્ટ પ્રમાણે ભારત સરકારે વિદ્યુત ઉત્પાદનમાં સૌર ઊર્જાને પ્રાધાન્ય આપ્યું છે તેથી પ્રતિવર્ષ તે ૩૦ મિલિયન લોકોને વિજળી પહોંચાડવામાં વૃદ્ધિ કરે છે. વિશ્વના દેશોની સરખામણીમાં દેશના વિજળીકરણમાં ભારત હરણફાળ ભરી રહ્યું છે. વિશ્વમાં ઊર્જા વૃદ્ધિ-વિદ્યુત માટે ખાસ રીપોર્ટ વર્લ્ડ બેંક તૈયાર કરે છે. વિશ્વના દેશોમાં ઉત્પન્ન થતી વિવિધ ઊર્જાઓ તથા તેમાં થતી વૃદ્ધિ અને વપરાશ માટે વર્લ્ડબેંક રીપોર્ટ તૈયાર કરે છે. વર્લ્ડબેંક રીપોર્ટ તૈયાર કરનાર શ્રી ફોસ્ટરે ઊર્જાના ઉત્પાદન તથા તેની સેવા માટે ભારતની પ્રશંસા કરી છે.

## ઈન્ડોનેશિયાની મુલાકાત વેળાએ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત : 'અર્જુન રથ'ના દર્શન કર્યા

ભારત રાષ્ટ્રને પુનઃ તેના પરમવૈભવશાળી ગૌરવ સ્થાને સ્થાપિત કરવા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'સબકા સાથ સબકા વિકાસ' મંત્ર સાથે વિદેશ પ્રવાસો કરી રહ્યા છે. વિદેશોમાં વસવાટ કરતા ભારતીયોમાં પુનઃ રાષ્ટ્રગૌરવ-સન્માન પ્રગટે તે હેતુથી વિવિધ વિકસીત, વિકાસશીલ તથા ગરીબ દેશોનો પ્રધાનમંત્રી પ્રવાસ કરે છે. વિવિધ દેશો સાથે ભારતના વર્ષો જૂના સંબંધો-સાંસ્કૃતિક સમાનતા તથા વેપાર-ઉદ્યોગ અને ઇતિહાસ અંગે મિડીયામાં આ અંગેનું પ્રસારણ જોવા તથા સાંભળવા મળે છે. તાજેતરમાં શ્રી નરેન્દ્ર મોદીએ ઇન્ડોનેશિયાનો પ્રવાસ કર્યો હતો તેમાં તેમનું ભવ્ય સ્વાગત થયું હતું. તેમણે 'અર્જુન રથ'ના દર્શન કર્યા હતા. ઇન્ડોનેશીયામાં કુંભકર્ણને જગાડવા માટેનું ડ્રમ (નગારુ) છે તેને પણ શ્રી નરેન્દ્રભાઈએ વગાડી સૌને આશ્ચર્યચકીત કર્યા હતા. ઇન્ડોનેશીયામાં હિન્દુ-મુસ્લિમ, બૌદ્ધ, ખ્રિસ્તી, પારસી જેવા વિવિધ ધર્મ પાળનાર વસે છે. શ્રી મોદીએ મોનાસ પતંગોત્સવમાં પણ ભાગ લીધો હતો. તેમણે સંબોધનમાં 'SAGAR' (સિક્યોરિટી ઓફ ઓલ ગ્રોથ ઈન ઓલ રીજન) મંત્ર આપ્યો હતો.

## દેશમાં વીજળીની માંગમાં ધરખમ વધારાને કારણે યુનિટના ભાવમાં ઉછાળો

દેશમાં વીજળીનું ઉત્પાદન તથા તેના વપરાશ અંગે ચિંતાનો વિષય બન્યો છે. દેશની પ્રજામાં વિજળીની બચત અંગેના ખ્યાલોનો પ્રચાર-પ્રસાર તથા વિવેક અંગે જાણકારી આપવા છતાં પ્રજા જાગૃત બની નથી તેવા અહેવાલો છે. જો વીજળીનો આ બેફામ ઉપયોગ ઘટશે નહિ તો પ્રજા પોતે જ અવિવેકને કારણે મોંઘવારીના મારથી પીડાશે. વીજળી ઉત્પાદન કરતી કંપનીના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર રાકેશ મદિરાદ્વાએ દેશની પ્રજાને આ અંગે માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે ગત વર્ષે વિજળીના યુનિટનો ભાવ ૫.૨૩ રૂપિયા હતો જે વધીને મે માસમાં ૮.૨૩ રૂપિયા થયો છે. દેશમાં ગરમીનું પ્રમાણ વધવાથી પણ લોકો એરકન્ડીશન જેવી અનેક સુવિધાઓ ઊભી કરે છે તેથી વિજળીની માંગ વધવાનું તારણ બહાર આવ્યું છે.

## તિરુમાલા તિરુપતિ બોર્ડે તેના ૫૦૦ મંદિરો માટે દલિત પુજારીઓની નિયુક્તિ કરી છે.

ભારતના તિરુમાલા તિરૂપતિ બોર્ડે તેના ૫૦૦ મંદિરોમાં દલિત પૂજારીઓની તેમની ગુણવત્તા તથા પુજારીઓ માટેની પરીક્ષામાં ઉત્તિર્ણ થવા બદલ પુજારીઓ તરીકે નિમણુંક કરી છે. બોર્ડના જણાવ્યા પ્રમાણે દલિત-હિન્દુ જ છે. દલિતો પણપુજારી થવાના વિભિન્ન સંસ્કારોની પરીક્ષામાં બેસી શકે છે અને અન્યોની જેમ જ તેઓ પણ પુજારી થવા માટે હકદાર છે. બોર્ડના ધારા ધોરણો પ્રમાણે હિન્દુઓમાં સામાજિક ભેદભાવ છે જ નહિ. બધા જ હિન્દુઓ ચારે વર્ણોમાં સમાવિષ્ટ છે તેથી હિન્દુઓને ધર્માંતરણ કરાવવાની અન્ય ધર્મોની ઝૂંબેશ - પ્રયત્નો વાસ્તવમાં હિન્દુઓને વિભાજિત કરવાની ચાલ હોવાનું મંદિરના ટ્રસ્ટીઓએ જણાવ્યું છે. કોઈ પણ વર્ણ તેના કર્મને આધારિત છે. દલિતો પણ બ્રાહ્મણના કર્મથી પુજારી બને છે તે સનાતન ધર્મનો વિશ્વમાં વિજાય છે. સનાતનધર્મમાં જાતિભેદ છે જ નહિ.

* * *